### હાઈ સિક્યોર મહાત્મા મંદિરમાં પણ ગઠીયાઓનો તરખાટ

# સ્ટીલ એક્ઝીબીશનમાં ત્રણ વેપારીઓના ૩.૬૦ લાખ ચોરાયા

## સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલા ત્રણ શખ્સોની સે. ૭ પોલીસે ધરપકડ કરી : રૂ. ૨.૬૦ લાખ રીકવર : રજીસ્ટ્રેશન કાઉન્ટર પર ભીડભાડનો લાભ ઉઠાવીને રૂપિયા સેરવી લેતા હતા

ગાંધીનગર, તા. ૨૭

હાઈ સિક્યુરીટીથી સજ્જ એવા મહાત્મા મંદિર ખાતે ચાલતા સ્ટીલ એક્ઝીબીશનમાં પણ તસ્કરો સરળતાથી પહોંચી ગયા હતા અને એક જ દિવસમાં ત્રણ-ત્રણ વેપારીઓને નિશાન બનાવીને નજર ચુકવી રૂ. ૩.૬૦ લાખ રોકડ રકમની ચોરી કરી લીધી હતી. આ ત્રણેય બનાવો અંગે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે મહાત્મા મંદિર એક્ઝીબીશનનાં સીસીટીવી કુટેજ તપાસીને કેમેરામાં કેદ થઈ ગયેલા ત્રણ શખ્સોને ઝડપી પણ પાડ્યા છે. રૂ. ૨.૬૦ લાખ રીકવર કરીને સે. ૭ પોલીસે ત્રણેય આરોપીઓની ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

મહાત્મા મંદિર ખાતે મંગળવાર સુધી સ્ટીલ એક્ઝીબીશન ચાલ્યું હતું. ૨૫ જાન્યુઆરીએ આ એક્ઝીબીશનમાં રજીસ્ટ્રેશન કાઉન્ટર પર ભારે ભીડ હતી તે દરમ્યાન મહેસાણાની એક વિઝીટર બાવેશભાઈ શાહ તથા બીજા વિઝીટર આશિષભાઈ સિંઘલના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ગાયબ થઈ ગયા હતા. ભીડનો લાભ લઈને ચોરોએ આશિષભાઈના ખિસ્સામાંથી રૂ. ૧૦ હજાર રોકડા તથા ભાવેશભાઈના ખિસ્સામાંથી રૂ. ૧ લાખ રોકડા સેરવી લીધા હતા. આ જ દિવસે એક સ્ટીલ કંપનીના કેશીયર નિર્મલભાઈ કંસારાની રૂ. ૨.૫૦ લાખ રોકડા ભરેલી બેગ તેમની ઓફીસમાંથી જ ચોરાઈ ગઈ હતી. એક જ દિવસે ત્રણ-ત્રણ બનેલા ચોરીઓના બનાવ અંગે ભાવેશ શાહની ફરીયાદને સે. ૭ પોલીસે ગુનો નોંધી પી.એસ.આઈ. એ.કે. ભરવાડ, એમ.પી. ચૌહાણ, કોન્સ્ટેબલ મેહુલ શર્મા, ધિરેન્દ્રસિંહ તથા તેમની ટીમે સીસીટીવી કુટેજ તપાસીને ત્રણેય આરોપીઓને આજે ઝડપી પાડ્યા છે. નરોડા ખાતે મફતનગર છાપરામાં રહેતો રાજુ કાપસિંગ ઠાકોર, કુબેરનગર સંતોષીનગરના ઉમંગ મોતી રાઠોડ તથા સરદારનગર ડાહ્યા ખીમા સોલંકી મળીને ત્રણેયની ધરપકડ કરી રૂ. ૨.૬૦ લાખનો રોકડ મુદ્દામાલ રીકવર કરી નાંખ્યો છે. ત્રણેયની ઉંડી પુછપરછ શરૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરવામાં આવી છે.









પ્રજાસત્તાક દિન ઉજવાયો : ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા પ્રજાસત્તાક દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી. ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિનનો સમારોહ રામકથા મેદાનમાં યોજાયો હતો. રાજ્યના કાયદા મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ત્રિરંગો લહેરાવી પરેડની સલામી ઝીલી હતી. આ પ્રસંગે શહેરની શૈક્ષણિક સંસ્થાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. પોલીસ તંત્રના જાબાંઝ જવાનો દ્વારા હેરતભર્યા પ્રયોગો પણ યોજાયા હતા. બહાદુર બાળકો અને સ્વાત્ર્યસેનાનીઓનું સન્માન કરાયું હતું. સમારોહને સંબોધન કરતાં પ્રદિપસિંહ જાડેજાએ દેશભક્તિની અનિવાર્યતા ઉપર ભાર મુક્યો હતો. સાથો સાથ સ્વચ્છ ભારત નિર્માણમાં યોગદાન માટે પ્રજાજોગ અપીલ કરાઈ હતી. સ્વચ્છતા એ પણ દેશભક્તિનો ભાગ જ ગણાય. સ્વચ્છ ગાંધીનગર અને સ્વચ્છ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા ક્લેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ સહિત વહીવટીતંત્રના અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વર્ણિમ પાર્કને હરિયાળો રાખવા ટુંકમાં પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે

## સરગાસણ પ્લાન્ટમાંથી સ્વર્ણિમ પાર્ક ફેઈઝ-૨ ઉપરાંત સરિતા ઉદ્યાન, બાલોદ્યાન અને પુનિતવનને પાણી સપ્લાય થશે

ગાંધીનગર, તા. ૨૭

સ્વર્ણિમ પાર્કના ફેઈઝ-૨ માં પાણી સપ્લાય માટે ટુંકમાં પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવશે. હાલ સરગાસણ પ્લાન્ટ આધારિત ફેઈઝ-૧ ની વ્યવસ્થા મુજબ, પાણી સપ્લાય કરવામાં આવે છે. દુષિત પાણીને શુદ્ધ કરવાના પ્લાન્ટને આધારિત પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ બાલોદ્યાન, સરિતાઉદ્યાન, પુનિતવન સહીત સમગ્ર સ્વર્ણિમ પાર્કને સરગાસણ પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરાશે.

શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા સરગાસણમાં દૂષિત પાણીને શુધ્ધ કરવા ૧૦ એમ.એલ.ડી. નો પ્લાન્ટ બનાવાયો છે. જેના આધારે પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ વચ્ચેના સ્વર્ણિમ પાર્ક ફેઈઝ-૧ માં પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. જ્યારે હાલમાં વ્યવસ્થાના આધારે ફેઈઝ-૨ માં પણ પાણીની જરૂરિયાત સંતોષવામાં આવી રહી છે. શહેરના બાલોદ્યાન, સરિતાઉદ્યાન, પુનિતવન સહીતના બગીચાઓમાં પણ પાણીની જરૂરીયાતને પહોંચી વળવા સરગાસણ શુદ્ધિકરણ પ્લાન્ટનો ઉપયોગ કરાશે. નગરના ઉદ્યાનોને હરિયાળીથી તાજા રાખવા ટુંકમાં પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૭ કરોડનો ખર્ચ થશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટુંકમાં પાઈપલાઈનનું કામ શરૂ કરાશે. જો કે ટેન્ડર પ્રક્રીયાના અંતે પણ વિભાગ કક્ષાએથી આગળની ગતિવિધિઓ હાથ ન ધરાતા કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે.

# ગાંધીનગરમાં પુનઃ ઠંડીનું મોજું

## બે દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની અંદર ગગડી ગયું

ગાંધીનગર, તા. ૨૭

જાન્યુઆરી માસની ઠંડી વસાહતીઓને હેરાન પરેશાન કરી રહી છે. કયારેક તાપમાન ઉંચુ જાય છે તો કયારેક પારો એટલો નીચો જતો રહે છે કે વસાહતીઓ ઠંડીમાં રીતસર ધ્રુજી જાય છે. બે દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ લઘુત્તમ તાપમાન પુનઃ ૯.૫ ડિ.સે. સુધી ઘટી જતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા છે.

ઠંડીનો છેલ્લો રાઉન્ડ ખરા અર્થમાં વસાહતીઓને ધ્રુજાવી રહ્યો છે. હાડ થીજવતી ઠંડીમાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા બે દિવસથી વાદળછાયુ વાતાવરણ રહેતા આખો દિવસ વાતાવરણમાં ઠંડક છવાયેલી રહી હતી. વસાહતીઓને ઘરની બહાર નીકળવું હોય તો ગરમ વસ્ત્રોમાં લપેટાઈને નીકળવું પડતું હતું. તડકો સહેજ પણ ન નીકળતા વાતાવરણમાં સુસ્તી જણાતી હતી. ગઈ કાલે પણ આવું જ વાતાવરણ રહેતા લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું હતું. જયારે ગતરાત્રીએ લઘુત્તમ

● અનુસંધાન પાના - ૭ પર

# સે. ૧ના તળાવમાં પ્રતિકુળ સપાટીના લીધે પાણી ટક્યુ નથી

## કરોડોના ખર્ચ બાદ પણ તળાવને પીકનિક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન રોળાયુ : ફૂડકોર્ટનું પણ ઠેકાણુ પડ્યું નથી

ગાંધીનગર, તા. ૨૭

સે. ૧ ના તળાવને પિકનિક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન હજુ સાકાર થયું નથી. તળાવ વિકાસની યોજના અન્વયે કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષથી આ યોજનાનુ કામ પૂર્ણ થઈ ગયું છે. આમ છતાં તળાવ ખાલીખમ હોવાથી સહેલાણીઓમાં આ સ્પોટ આકર્ષણરૂપ બન્યો નથી. તળાવની સપાટી પણ હાર્ડ ન હોવાથી પાણી લાંબા સમય સુધી ટકતુ નથી. આવા સંજોગોમાં હાલ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નર્મદાના પાણીથી તળાવ ભરવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે.

સે. ૧ ના તળાવ વિકાસની યોજના પાછળ અંદાજિત રૂ. ૫ કરોડથી વધુ ખર્ચ થયો છે. તળાવ નિર્માણની સાથે આ વિસ્તારમાં ભવ્ય બગીચા અને ફૂડકોર્ટ પણ તૈયાર કરી દેવાઈ છે. ફૂડકોર્ટની ૫ દુકાનો ભાડાપેટે ફાળવવા ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. બીજી તરફ સે. ૧ ના તળાવને પીકનીક સ્પોટ બનાવવાનો પ્રોજેક્ટ હજુ સાકાર થયો નથી. તળાવ છેલ્લા બે વર્ષથી ખાલીખમ છે. ગત ચોમાસા દરમિયાન પણ ગણતરીના દિવસોમાં જ તળાવમાં પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ટેકનિકલ

● અનુસંધાન પાના - ૭ પર


# નેશનલ કેડેટ કોર્પ્સ

## પ્રધાનમંત્રીની રેલી

રાષ્ટ્ર પ્રથમ

યુવા શક્તિ





૨૮ જાન્યુઆરી, ૨૦૧૫ ગેરીસન પરેડ ગ્રાઉન્ડ, દિલ્હી કેન્ટ

જીવંત પ્રસારણ - સવારે 11.55 થી નેશનલ દુરદર્શન પરથી

જીવંત પ્રસારણ : સવારે 11.55 થી MW 450.5 mtr i.e. 666 KHz (નેશનલ નેટવર્ક)

આમંત્રણ થકી ઉપસ્થિતિ

स्वच्छ भारत एक कदम स्वच्छता की ओर

davp 10110/13/0034/1415


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com